# <u>રાજય કક્ષાનો બદલી કેમ્પ (સરકારી)</u>

ક્રમાંકઃપ્રાવિ.૨/બદલી કેમ્પ/૨૦૧૮/ ૯૭૪૦૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખઃ ૩૧/૦૫/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી માઘ્યમિક તેમજ ઉ.મા.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

વિષયઃ–સરકારી માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાના શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે અરજી મોકલવા બાબત.
સંદર્ભઃ–સંયુકત શિક્ષણ નિયામક(મહેકમ)કમિશ્નર શાળાઓની કચેરી ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃ૪૯/મકમ/મ–૯/૨૦૧૮/૨૪૩૫–૬૮, તા.૨૯/૫/૨૦૧૮

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,અત્રેના જિલ્લાની સરકારી માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાઓના શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે રાજય કક્ષાનો બદલી કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેવા શિક્ષકોએ આચાર્ય મારફત પરિશિષ્ટ–૨ માં અરજી <u>૦૨</u> (બે) નકલમાં તથા નીચે મુજબના પત્રકમાં વિગતો ભરી તા.૨/૬/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીએ રજુ કરવા જણાવવામાં આવે છે. સંયુકત શિક્ષણ નિયામકશ્રી(મહેકમ)કમિશ્નર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંકઃ૪૯/મકમ /બદલી/મ.૯/ ૧૬/૧૮૫૫–૮૯, તા.૬/૫/૧૬ ના પરિપત્ર માં દર્શાવેલ સુચનાઓને ધ્યાનમાં રાખી અરજી કરવાની રહેશે.

| અનુ. નંબર | શિક્ષક/શિ. સહાયકનું નામ | ચેક લીસ્ટ મુજબની વિગતો સામેલ છે કે કેમ? | અરજદારે અગાઉ જિલ્લા ફેરબદલીનો લાભ મેળવેલ છે કે કેમ? કઈ સાલમાં? | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

સમયમર્યાદા

૪૯/મકમ/મ-૯/૨૦૧૮/ ૨૮૩૫-૫૮
કમિશનરશ્રી શાળાઓની કચેરી ,
બ્લોકનં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર.
તા.૨૮/૫/૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય :- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મદદનીશ શિક્ષકોની બદલી માટે જિલ્લાનો આંતરિક જિલ્લા ફેરબદલી બાદ ખાલી જગ્યાની વિગતો મોકલવા બાબત. મહેકમની માહિતી મોકલવા અંગે ( તા.૧/૬/૧૮ ની સ્થિતીએ).

સંદર્ભ:- (૧) આ કચેરીનો તા. ૬/૫/૧૬ નો પત્રાંક: ૪૯/મકમ/બદલી/મ.૯/૧૬/૧૮૫૫-૮૯
(૨) આ કચેરીનો તા.૨૫/૫/૧૮ નો પરિપત્રાંક:૪૯/મકમ/મ-૯/૨૦૧૮/

ઉપરોકત વિષય અન્વયે આ કચેરીના તા.૬/૫/૧૬ ના પરિપત્રથી સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓના શિક્ષકો/શિક્ષણ સહાયકોની આંતરિક તથા જિલ્લા ફેરબદલી અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે.સંદર્ભ-૩ ના પરિપત્રથી આપના જિલ્લામાં ફરજ બજાવતા શિક્ષકો/શિક્ષણ સહાયકોની જિલ્લા કક્ષાએ આંતરિક ફેરબદલી કેમ્પ કરવા સૂચના આપેલ.જિલ્લા કક્ષાના આંતરિક કેમ્પ બાદ હવે આપના જિલ્લામાં વિષયવાર અને શાળાવાઈઝ ખાલી રહેલ જગ્યાઓની વિગત નીચેની સૂચનાઓ ધ્યાને લઈ આ સાથેના પત્રકમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) સંદર્ભ(૧) ના પત્રમાં જણાવેલ સંદર્ભો તથા અન્ય સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે. ઉકત પત્રમાં જણાવ્યાનુસાર જિલ્લાની ફેરબદલી ઈચ્છતા શિક્ષકો સંદર્ભ-૧ ના પરિપત્રમાં જણાવેલ નમૂનામાં અરજીઓ મેળવી આ કચેરીને એકત્રિત કરી રજુ કરવાની રહેશે. અગાઉ મોકલી આપેલ તમામ અરજીઓ રદ બાતલ ગણાશે.

(૨) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો/શિક્ષણ સહાયકો ના આંતરિક કેમ્પ બાદ ખાલી જગ્યા શાળાવાઈઝ તથા શિક્ષકોની વિષયવાર માહિતી આ કચેરીને મોડામાં મોડી તા. ૮/૬/૧૮ સુધીમાં રૂબરૂ માં આ સાથેના નિયત નમૂનાના પત્રકમાં માઈક્રોસોફ્ટ એકસેલ શ્રુતિ ફોન્ટ (ફોન્ટ સાઈઝ-૧૨) માં તૈયાર કરી હાર્ડ અને સોફ્ટ કોપીમાં મોકલી આપવાની રહેશે.

(૩) આ કચેરીના તા.૧/૬/૧૮ ની સ્થિતીએ અગાઉ કરેલ તમામ જિલ્લા ફેરબદલીના હુકમો થયેલ હોય.અને જે હુકમમાં ૫૦ ટકા ઘટના કારણે શિક્ષકો/શિક્ષણ સહાયકોની ફરજમુકત કરવામાં આવેલ ન હોય તેવી જગ્યા હાલ ખાલી બતાવવી અને જે જગ્યાએ જિલ્લા ફેરબદલીના હુકમ કરેલ છે. તે જગ્યા ભરેલી બતાવવાની રહેશે. જેની ખાસ તકેદારી રાખવી.

(૪) રાજય કક્ષાના કેમ્પ તારીખ ,સમય અને સ્થળ નીચે મુજબ રાખેલ છે.

| | |
|---|---|
| કેમ્પની તારીખ | ૧૫/૬/૧૨૦૧૮ |
| સમય | ૧૧-૦૦ કલાકથી |
| સ્થળ | એસ.ટી.ટી.આઈ, સેકટર-૧૨,ગાંધીનગર |

સંયુકત શિક્ષણ નિયામક
(મહેકમ)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

## (૨) રાજ્ય કક્ષાના બદલી કેમ્પ માટેની જરૂરી સૂચનાઓ

૧) જિલ્લા આંતરીક બદલી કેમ્પ પૂરો થયા બાદ તા.૨૫ /૦૫/૨૦૧૬ સુધીમાં વિષયવાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની અલગ અલગ ખાલી જગ્યાઓની માહિતી કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને જાણકાર કર્મચારી સાથે રૂબરૂમાં પહોંચાડીને તે મતલબની સહી મેળવી લેવાની રહેશે.

૨) " સ્વવિનંતીથી જિલ્લા ફેરબદલી" નો એક વખત લાભ મેળવેલ હોય તેવા શિક્ષકોને ફરીથી સ્વવિનંતીથી જિલ્લા ફેરબદલીનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. એટલે કે આવો લાભ સમગ્ર નોકરી દરમ્યાન માત્ર એક જ વખત મળવાપાત્ર છે.

૩) આંતર જિલ્લા ફેરબદલીનો લાભ લેવા માંગતા શિક્ષકોએ ૨૦૧૫માં યોજાયેલ અન્ય બદલી કેમ્પનો લાભ લીધેલ નહીં હોવાનું જાહેર કરવાનું રહેશે.જેની સંબંધિત જિ.શિ.અ.શ્રીએ ખરાઈ કરવાની રહેશે. જિલ્લા ફેરબદલી કેમ્પમાં હાજર રહેવા માટે આ સાથે સામેલ પરિશિષ્ટ:૨ મુજબના નમૂનામાં અરજી તૈયાર કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે મોકલી આપવાની રહેશે.

૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ રેકર્ડ પરથી ચકાસણી કરી અરજદારે રજૂ કરેલ માહિતી સાચી હોવા બાબતના પ્રતિહસ્તાક્ષર કરી આપવાના રહેશે.

૫) રાજ્ય કક્ષાનો બદલી કેમ્પ <u>તા.૦૪/૦૬/૨૦૧૬</u> ના રોજ <u>સવારના ૧૦:૦૦ કલાકે એસ.ટી.ટીઆઇ, સેક્ટર-૧૨,ગાંધીનગર</u> ખાતે યોજાશે.જેમાં અરજદારે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

૬) રાજ્ય કક્ષાના બદલી કેમ્પમાં શાળાવાર,વિષયવાર ખાલી જગ્યાઓની યાદી મૂકવામાં આવશે.

૭) આવેલી અરજીઓને વિષયવાર ધ્યાનમાં લઈ સીનીયોરીટીના આધારે અગ્રતાક્રમમાં ગોઠવવામાં આવશે. શ્રેયાનયાદી ન હોય તેવા કિસ્સાઓમાં નિમણૂંક તારીખ ધ્યાને લેવાશે.

૮) આવેલ અરજીઓને પ્રથમ વિષયવાર ગોઠવવામાં આવશે. ત્યારબાદ નીચે જણાવ્યા મુજબ અગ્રતાક્રમમાં ગોઠવવામાં આવશે.

૧) વિધવા
૨) અપંગ
૩) શિક્ષક દંપતિ
૪) સરકારી દંપતિ

૫) ગંભીર બિમારી

૬) એવા સ્ત્રી કર્મચારી જેમના પતિ અન્ય જિલ્લામાં ખાનગી/ અર્ધ સરકારી/ અન્ય નોકરી કરતા હોય તો તેમના પતિની નોકરીના જિલ્લામાં.

ઉપરોકત અગ્રતાક્રમ પૈકી કોઈ પણ એક કિસ્સામાં લાભ આપી શકાશે. ત્યારબાદ નિમણૂંક તારીખના આધારે સીનીયોરીટીના ધોરણે અરજીઓ ગોઠવવામાં આવશે અને તે પ્રમાણે ક્રમાનુસાર પસંદગી આપવામાં આવશે.

શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવમાં જણાવ્યાનુસાર ઉપર દર્શાવેલ કોઇપણ પ્રકારની અગ્રતાનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે.

૯) કોઈ પણ પ્રકારની અગ્રતાનો લાભ લેવા માંગતા અરજદારોએ નીચે મુજબના આધારો પોતાની અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(એ) વિધવાના કિસ્સામાં વિધવા હોવાનું પ્રમાણપત્ર,પતિના મૃત્યુનો દાખલો અને કેમ્પની તારીખે તેઓએ પુનઃલગ્ન કરેલ નથી તે મુજબનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

(બી) અપંગના કિસ્સામાં ૪૦% કે તેથી વધુ અપંગતા ધરાવતા કર્મચારીને જ આ લાભ મળશે.તેઓએ સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર પોતાની અરજી સાથે રજૂ કરવાનું રહેશે તથા અગાઉ અગ્રતાનો લાભ નહીં મેળવ્યો હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(સી) શિક્ષક દંપતિના કિસ્સામાં પતિ અથવા પત્નિ બન્ને જે શાળામાં નોકરી કરતા હોય તેનું તે મતલબનું સામેલ પરિશિષ્ટ-૩ મુજબનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જેના પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિહસ્તાક્ષર કરાવી તે પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.તથા અગાઉ અગ્રતાનો લાભ નહીં મેળવ્યો હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(ડી) સરકારી દંપતિના કિસ્સામાં પતિ અથવા પત્ની જે સરકારી કચેરીમાં ફરજ બજાવતા હોય તે સંસ્થાના વડાનું પરિશિષ્ટ-૩ મુજબનું પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે. તથા અગાઉ અગ્રતાનો લાભ નહીં મેળવ્યો હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(ઈ) ગંભીર બિમારીના કિસ્સામાં દુઃસાધ્ય રોગો જેવા કે કેન્સર, હાર્ટની બિમારી, મૂત્રપીંડનીગંભીર બિમારી તથા એઈડસના રોગો ધ્યાને લેવામાં આવશે. આ કિસ્સામાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર સામેલ રાખી તબીબી ચકાસણી અંગેનો રીપોર્ટ અરજી સાથે રજૂ કરવાનો રહેશે.

(એફ) પતિ અન્ય જિલ્લામાં ખાનગી/ અર્ધસરકારી/ અન્ય નોકરી કરતાં હોય તો તેમની કચેરી/ સંસ્થાના વહીવટી વડાનું તે મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. તથા અગાઉ અગ્રતાનો લાભ નહીં મેળવ્યો હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૦) સદર બદલી કેમ્પ જાહેર કેમ્પ તરીકે પારદર્શક પધ્ધત્તિથી યોજાશે.જેમાં ઉમેદવારોને મુદ્દા નં-૮માં દર્શાવેલ અગ્રતાક્રમ પ્રમાણે વિષયવાર સ્થળ પસંદગીની તક આપવામાં આવશે.

૧૧) એકવાર કરેલ સ્થળ પસંદગી આખરી ગણાશે.

૧૨) સ્થળ પસંદગી કરી આ સાથેના પરિશિષ્ટ-૪ મુજબનું સંમતિપત્રક કેમ્પના સ્થળે ઉપસ્થિત કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના મહેકમ શાખાના અધિકારીને રજૂ કરવાનું રહેશે.

૧૩) કેમ્પના દિવસે જ ઉમેદવારે પસંદ કરેલી શાળાનો બદલી હુકમ આપી દેવાનો રહેશે.

૧૪) જે શિક્ષક/ શિક્ષણ સહાયક સામે કોઈ ખાતાકીય તપાસ ચાલતી હોય, ફરજમોકૂફી હેઠળ હોય કે સરકારશ્રીની/ ઉચ્ચ અધિકારીશ્રીની સૂચના અન્વયે જેઓની બદલી કરવામાં આવેલ હોય તેવા શિક્ષક/શિક્ષણ સહાયક જિલ્લા કે રાજય કક્ષાના બદલી કેમ્પમાં ભાગ લઈ શકશે નહી.

૧૫) કોઈ શિક્ષકે ગત વર્ષે થયેલ કોઈ પણ કેમ્પમાં સ્વવિનંતીથી પસંદ કરેલ બદલી પાછળથી રદ કરાવેલ હશે તો તેવા શિક્ષકને આ વર્ષે થનાર કોઈપણ કેમ્પનો લાભ મળવાપાત્ર રહેશે નહી. જેની ચકાસણી જે તે જિલ્લા શિક્ષણાધિકારીએ કરી લેવાની રહેશે. અને જો આવો કિસ્સો હોય તો તેવા શિક્ષકની બદલી અંગેની અરજી આગળ મોકલવાની રહેશે નહીં.

.................................... x ....................................

## પરિશિષ્ટ-૨

### -:: રાજય કક્ષાના ફેરબદલી કેમ્પ માટેની અરજીનો નમૂનો ::-

૧) ઉમેદવારનું પૂરૂ નામઃ- ..........................................................................

મોબાઈલ નંબરઃ- ..........................................................................

૨) હાલનું રહેઠાણનું પૂરૂં સરનામું:- ..........................................................................

..........................................................................

૩) મૂળ વતનનું પૂરૂં સરનામું:- ..........................................................................

..........................................................................

..........................................................................

૪) હાલ કામ કરતા હોય તે શાળાનું નામ અને સરનામું:- ..........................................................................

૫) હાલ કામ કરતા હોય તે વિભાગઃ- માધ્યમિક ...........ઉ.માધ્ય...................... (✓ ની નિશાની કરવી)

૬) પ્રથમ નિમણૂંક તારીખ:- ........../........../....................

૭) જન્મતારીખઃ- ........./.........../.......................

૮) શૈક્ષણિક લાયકાતઃ- ..........................................................................

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | ડિગ્રી / વિષય | મેળવેલ ટકા |
|---|---|---|---|
| ૧ | સ્નાતક | | |
| ૨ | અનુસ્નાતક | | |
| ૩ | B.ED | | |
| ૪ | અન્ય | | |

૯)  કઈ કેટેગરી માટે અરજી કરો છો તે (વિધવા/અપંગ/શિક્ષક દંપતિ/સરકારી દંપતિ/ ગંભીર બિમારી/ અન્ય.).......................................... (ઉપર દર્શાવ્યામાંથી કોઈપણ એક)

૧૦)  અગાઉ કોઇપણ પ્રકારની અગ્રતાનો લાભ મેળવેલ છે કે કેમ? ............... (હા કે ના)

૧૧)  કુલ શૈક્ષણિક અનુભવઃ-  વર્ષ-.............માસ-..............દિવસ-.............

૧૨)  હાલની શાળામાં શૈક્ષણિક અનુભવઃ-  વર્ષ-.............માસ-..............દિવસ-.............

૧૩)  છેલ્લા ત્રણ વર્ષનું પોતાના વિષયનું પરિણામઃ-

| ક્રમ | વર્ષ | SSC/HSC | લીધેલ વિષય | પોતાના વિષયના પરિણામના ટકા |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| 3 | | | | |

૧૪)  સને ૨૦૧૫ માં આયોજિત અન્ય કોઈ બદલી કેમ્પનો લાભ લીધેલ છે કે કેમ ?  હા / ના

૧૫)  સને ૨૦૧૫માં સ્વ વિનંતીથી કરાવેલ બદલી પાછળથી રદ કરાવેલ છે કે કેમ? ........ હા / ના

આથી હું..........................................................................જાહેર કરું છું કે. ઉપર આપેલ તમામ માહિતી સાચી છે આ માહિતી ભવિષ્યમાં કયારેય ખોટી સાબીત થશે તો આ અરજીના આધારે થયેલ મારી બદલી રદ થવાને પાત્ર ઠરશે તેમજ મારા વિરૂધ્ધ ગુજરાત રાજય સેવા શિસ્ત અને અપિલના નિયમો-૧૯૭૧ હેઠળ મારી સામે કાર્યવાહી થઈ શકશે તે બાબતની મને જાણ છે. આવી કોઈપણ કાર્યવાહી મને બંધનકર્તા રહેશે તેની આથી હું બાંહેધરી આપુ છું.

તા........../........../૨૦................  શિક્ષક/શિક્ષણ સહાયકની સહી.......................................

---

શ્રી............................................ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ............................ના તાબા હેઠળની ..................................................શાળામાં ફરજ બજાવે છે.તેઓની હાલની સંસ્થામાં નિમણૂક તારીખ ........../........../...............છે. તેઓએ રજૂ કરેલ માહિતી સાચી છે તેઓને જિલ્લા ફેરબદલી કેમ્પમાં ઉપસ્થિત રહેવા માટે ભલામણ કરું છું.

તારીખ:-........../......./૨૦૧૬  (જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી / સિક્કો)

જીલ્લો.............................

-:: પરિશિષ્ટ-૩ ::-

## -:: શિક્ષક દંપતિ/ સરકારી દંપતિના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::-

આથી હું ........................................................................ હોદ્દો ..........................................

સંસ્થા........................................................................................................................ પ્રમાણપત્ર આપું છું કે

શ્રી ............................................................ હોદ્દો ..................... અમારી શાળા/કચેરીમાં તારીખ

......../........./.............. થી .......................... હોદ્દા પર પોતાની ફરજો બજાવે છે.જેની રેકર્ડ પરથી ખરાઈ

કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખઃ- ......../......../....................

.............................

આચાર્ય/કચેરીના વડાની સહી

તથા સિક્કો

-:: પરિશિષ્ટ-૪ ::-

# પ્રમાણપત્ર

૧) આથી હું ........................................................................................ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયક ..........................................................................શાળા તારીખ ........./........./............... ના રોજ યોજાયેલ રાજય કક્ષાના જિલ્લા બદલી કેમ્પમાં જાતે ઉપસ્થિત રહેલ છું. અને શુધ્ધબુધ્ધિથી ..................................................... ......................શાળામાં બદલી કરવા સ્થળની પસંદગી કરેલ છે તે મુજબ મને બદલી હુકમ આપવા વિનંતી છે.

૨) આથી હું જણાવું છુ કે આ અગાઉ મારી નિમણૂંકથી માંડીને બદલીના કોઇપણ પ્રસંગે મે સ્થળ પસંદગી માટે આ પરિપત્રમાં દર્શાવેલ અગ્રતાક્રમ પૈકીની કોઇપણ અગ્રતાનો લાભ મેળવેલ નથી.

મેં આપેલ ઉપરોકત માહિતી ભવિષ્યમાં ખોટી ઠરશે તો થયેલ બદલી રદ કરવામા આવશે તથા જે તે સમયે પ્રવર્તમાન નિયમો/ જોગવાઈઓનુસાર મારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી પણ થઈ શકશે તે બાબતથી હું વાકેફ છું અને તે ધ્યાને રાખી મારી સંમતિ આપું છું.

તારીખઃ- ......../........./૨૦...........

ઉમેદવારની સહીઃ- ......................................

મારી રૂબરૂમાં

કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના અધિકૃત અધિકારીશ્રીની સહી ..........................................................

નામઃ- ..........................................................................

તારીખઃ- ........../.........../૨૦............

## -:: આચાર્યશ્રી નું પ્રમાણપત્ર ::-

આથી હું.................................................આચાર્ય (શાળાનું નામ) ...................................... શાળા પ્રમાણપત્ર આપું છું કે. શ્રી.................................... અમારી શાળામાં તારીખ......./......./.......... થી ફરજ બજાવે છે.તેઓએ રજૂ કરેલ માહિતી સાચી હોવા બાબતે રેકર્ડ પરથી મેં જાતે ખરાઈ કરેલ છે. તેમજ શાળાના રેકર્ડ પ્રમાણે તેઓ સામે કોઈ ખાતાકીય તપાસ ચાલુ નથી. જે બદલ આ પ્રમાણપત્ર આપું છું.

તા......./......./..................

...................................................

(આચાર્યશ્રીની સહી)

## -:: જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની મહેકમ શાખાએ આપવાનું પ્રમાણપત્ર ::-

આથી હું.................................................હોદ્દો......................પ્રમાણપત્ર આપું છું કે. શ્રી............................................. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ...............................ના તાબા હેઠળની ..................................... શાળામાં ફરજ બજાવે છે. તેઓએ રજૂ કરેલ માહિતીની કચેરીના રેકર્ડ સાથે ચકાસણી કરતા તે માહિતી સાચી છે. તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસની કોઈ કાર્યવાહી ચાલુ નથી.

તા......./......./..................

...................................................

(મહેકમ શાખાના કારકુનની સહી)